# સરકારી પોલીટેકનીકમાં રૂા. ૧ થી ૩ લાખના વાર્ષિક પેકેજ સાથે ૪૨૭ છાત્રોનું પ્લેસમેન્ટ

## ટોચની કંપનીઓએ ૪૨૭ વિદ્યાર્થીઓને કેમ્પસમાંથી જ આપી નોકરી



રાજકોટ સરકારી પોલીટેકનીકમાં યોજાયેલ પ્લેસમેન્ટ ડ્રાઇવમાં ઉપસ્થિત પ્રિન્સીપાલ પી.પી.કોટક અને ટીમ નજરે પડે છે.(ઉ-

રાજકોટ તા. ૨૬ :. સૌરાષ્ટ્રમાં આવેલી પોલીટેકનીકોમાંથી જયાં સૌથી વધારે કંપનીઓ પ્લેસમેન્ટ માટે તત્પરતા બતાવે છે તેવી અત્રેની સરકારી પોલીટેકનીક રાજકોટ ખાતે ડીપ્લોમાં ઇજનેરીના વિદ્યાર્થીઓનું ચાલુ વર્ષે રેકોર્ડ બ્રેકીંગ પ્લેસમેન્ટ થયેલ છે. કુલ ૪૨૭ વિદ્યાર્થીઓને સંસ્થા મારફતે યોજાયેલ કેમ્પસ ઇન્ટરવ્યુ થકી વાર્ષિક એક લાખથી માંડી ૩ લાખ સુધીના પેકેજ સાથે નોકરી પ્રાપ્ત થયેલ છે.

સંસ્થાના આચાર્યશ્રી ડો. પરેશ કોટકના માર્ગદર્શન હેઠળ વરિષ્ઠ અધ્યાપક ડો. ડી.એચ. આહીરની રાહબરી હેઠળ સંસ્થાના ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ ઓફીસર નિમીષ સુચક તેમજ વી. આર. અવલાણી તથા વિભાગની ટીમે યશસ્વી કામગીરી કરેલ છે.

રાજકોટ ખાતેની સરકારી પોલીટેકનીકના આચાર્યશ્રી ડો. પી. પી. કોટકની પહેલવૃતિ અને પ્લેસમેન્ટ પ્રવૃતિને આપવામાં આવેલ પ્રાથમિક તેમજ તાલીમ અને નિયુકિત વિભાગના ઓફીસર નિમિષ સુચક તથા તેમની ટીમના ઇન્ડસ્ટ્રીઝ તેમજ કંપનીઓ સાથેના સઘન સંપર્કો અને સુચારુ આયોજન અને વ્યવસ્થાઓને પરિણામે અદાણી ગ્રુપ ઓફ કંપની એસ્સાર ગ્રુપ ઓફ કંપની, રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લી., ટીવીએસ લોજીસ્ટીકસ, કોકા કોલા, ટાટા મોટર્સ, એસ.આર. એફ. લીમીટેડ, આનંદ ગ્રુપ ઓફ કંપની વિગેરે જેવી મોટી મોટી કંપનીઓ આ સંસ્થામાં કેમ્પસ ઇન્ટરવ્યુ માટે ઉપસ્થીત રહેલ સંસ્થાના આચાર્ય ડો. પી. પી.કોટકે સંસ્થાના તાલીમ અને નિયુકિત

પાઠવેલ છે.

સમગ્ર ગુજરાતમાં આવેલી પોલીટેકનીકમાથી આવેલ ડીપ્લોમાં ઇજનેરી કોલેજોના વિદ્યાર્થીઓ માટે અત્રેની સરકારી પોલીટેકનીક ખાતે ૬ જુલાઇથી ૮ જુલાઇના ગાળામાં કોકા કોલા કંપની દ્વારા મહા કેમ્પસ રોજગાર મેળો યોજાઇ ગયેલ. સંસ્થાના આચાર્ય ડો. પરેશ કોટકના માર્ગદર્શન હેઠળ વિશ્વમાં ખ્યાતનામ અને ભારત ખાતે પણ ઘણા પ્લાંટ ધરાવતી કોકા-કોલા કંપની દ્વારા ઇલેકટ્રીકલ, મીકેનીકલ અને આઇ.સી. ઇજનેરીના વિદ્યાર્થીઓ માટે આ કેમ્પસ ડ્રાઇવનું આયોજન થયેલ હતું. આ કોમન પુલ કેમ્પસ ઇન્ટરવ્યુમાં કુલ ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જે પૈકી ૪૮ વિદ્યાર્થીઓને અંતિમ ઇન્ટરવ્યુ પાસ કર્યોથી પસંદ કરાયા હતા અને ૩ લાખ જેવુ માતબર પેકેજ ઓફર કરવામાં આવેલ હતું. (પ

પ્રેસ - કવરેજ

રાજકોટ

દૈનિક સમાચાર